# શહેરમાં ઠંડીનો ચમકારો

**પારો વધુ ગગડ્યો : લઘુત્તમ ૧૩.૫ ડિગ્રી સાથે ગાંધીનગર ફરી રાજ્યનું સૌથી ઠંડુ શહેર : મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી નોંધાયુ**



ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરમાં ઠંડીનો ચમકારો વધુ તીવ્ર બન્યો છે અને ગઈકાલ કરતા તાપમાન વધુ ૦.૫ ડિગ્રી ગગડવા સાથે રાજ્યમાં સૌથી ઠંડુ શહેર તરીકે મોખરે રહેવા પામ્યું છે. ગઈકાલે શહેરમાં લઘુત્તમ તાપમાન જે ૧૪ ડિગ્રી હતુ તે વધુ ઘટીને આજે ૧૩.૫ ડિગ્રી નોંધાયુ છે.

શિયાળો ફરી એકવાર પાટનગરમાં ધ્રુજાવનારો બની રહેશે તેવુ પ્રારંભથી જ જણાઈ રહ્યું છે કારણ કે મૌસમની શરૂઆતમાં જ પાટનગર રાજ્યમાં સૌથી ઠંડા શહેર તરીકે મોખરે સ્થાન મેળવી રહ્યું છે. આજે લઘુત્તમ તાપમાન ૧૩.૫ ડિગ્રી જેટલું નોંધાવા પામ્યું છે અને તે સાથે જ શહેરીજનોને ફુલગુલાબી ઠંડીનો અહેસાસ થવાનું ચાલુ થઈ ગયુ છે. છેલ્લાં બે-ત્રણ દિવસથી શહેરમાં તડકાની તીવ્રતામાં ઘટાડો થવા પામ્યો છે અને હવે આકરો લાગતો તડકો અત્યંત કોમળ લાગી રહ્યો છે.

હવામાન વિભાગ દ્વારા જણાવાયેલ આંકડા અનુસાર ગાંધીનગર સમગ્ર રાજ્યમાં સૌથી ઓછુ લઘુત્તમ તાપમાન ધરાવતુ શહેર જણાયું છે. આ સાથે શહેરમાં રાત્રિના સમયે માર્ગો પણ વહેલો સુનકાર વ્યાપવા લાગ્યો છે. આજે રવિવારની રજા હોવાથી પણ શહેરમાં ચહલપહલ ખૂબ ઓછી જોવા મળી હતી. તેમાં ઠંડીના ચમકારાએ સાંજનું વાતાવરણ પણ ઠંડુગાર બનાવી દીધુ છે. જો કે શહેરનું મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી નોંધાયુ છે જેના કારણે દિવસ દરમ્યાન હુંફાળુ વાતાવરણ જળવાઈ રહ્યું છે. ભેજનું પ્રમાણ જે સવારે ૭૧ ટકા હતુ તે ઘટીને સાંજે ૪૪ ટકા સુધી પહોંચવા પામ્યું હતુ આમ, દિવસની શુષ્કતા સાથે ઠંડનું પ્રમાણ વધ્યુ હતુ. શહેરીજનોને ઠંડીના આગમન સાથે ગરમ વસ્ત્રોનો ઉપયોગ ચાલુ કરવાની નોબત જણાઈ રહી છે તેમજ રાત્રિના સમયે ફરજિયાત ઓઢવુ પડે તેવી સ્થિતિ ઝડપથી સર્જાવા પામી છે.

## હવે સાંસદોના વિસ્તારમાં એક હેલ્થ મેળો યોજાશે


ગાંધીનગર, તા. ૧૮

સંસદ સભ્યોના મતવિસ્તારમાં હેલ્થ (આરોગ્ય) મેળાનું આયોજન કરવા માટેની સૂચનાઓ રાજયના આરોગ્યતંત્ર દ્વારા આપવામાં આવી છે.

દરેક સંસદીય મતવિસ્તારમાં આવા એક હેલ્થ મેલાનું આયોજન કરવામાં આવનાર છે. આ માટે સાંસદો સાથે પરામર્શ કરી અને સ્થળની પસંદગી કરવાની રહેશે.

જો કે હેલ્થમ મેલાના સ્વરૂપ અંગે હજુ તંત્રમાં અસમંજસતા પ્રવર્તતી જોવા મળી રહી છે. આ મેળામાં કયા કયા નિષ્ણાતોની સેવાઓ ઉપલબ્ધ કરાવવી તેમજ આયોજન કેવી રીતે કરવુ તે અંગે ભારત સરકારમાંથી પણ સ્પષ્ટ ગાઈડલાઈન નહિ આપી હોવાનું જાણવા મળેલ છે.

## અનેક પરિવારોમાં દંપતિ માટે અંગત એકાંતની પૂર્ણ બાદબાકી



ગણતરીમાં ગાંધીનગર
પ્રા. ડૉ. રાજેન્દ્ર જાની

**સેન્સસ દર્શાવે છે અપરણિત સંતાનોની સમસ્યા**

ગુજરાતના સેન્સસ આંકડાઓ એમ દર્શાવે છે કે રાજ્યના કુલ ૧ કરોડ ૨૧ લાખથી વધુ પરિવારો પૈકી ૩ લાખ ૩૧ હજારથી વધુ પરિવારો એવા છે કે જેમાં વિવાદીત દંપતિ હોવા છતાં તેમની પાસે કોઈ અલગ ઓરડી જ નથી. અલબત્ત ટકાવારીની દૃષ્ટિએ એની સંખ્યા માત્ર ૩ ટકા જેટલી જ છે. પરંતુ જ્યારે પતિ અને પત્ની વચ્ચેની અંગત પળો-એકાંતની વાત આપણે વિચારીએ તો પરિસ્થિતિ સુખદ ગણી ન શકાય. ગુજરાતની સરખામણીએ ગાંધીનગરની સ્થિતિ થોડી સારી છે. જેમ કે ગાંધીનગરના કુલ ૨ લાખ ૮૭ હજાર પરિવાર પૈકી ૩૭૭૧ પરિવારોમાં વિવાદીત દંપત્તિ હોવા છતાં કોઈ અલગ ઓરડો નથી.

ગાંધીનગરના ગ્રામીણ અને શહેરી સેન્સસ મુજબ ગાંધીનગર ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૨ લાખ ૮૭ હજાર પરિવાર પૈકી ૧ લાખ ૬૦ હજાર પરિવાર વસ્યા છે. જ્યારે શહેરી ગાંધીનગરમાં ૧ લાખ ૨૬ હજારથી વધુ પરિવારો વસવાટ કરે છે. પરિવારોની સંખ્યાની ટકાવારી જોઈએ તો, ગાંધીનગર ગ્રામીણ વિસ્તારમાં ૫૫ ટકા પરિવારો અને શહેરી વિસ્તારમાં ૪૫ ટકા પરિવારો વસેલા છે. ગાંધીનગરના શહેરી વિસ્તારની સરખામણીએ ૧૦ ટકા પરિવારો ગ્રામ્ય વિસ્તારમાં વધુ છે એમ કહી શકાય.

ગુજરાતના કુલ ૧.૨૧ કરોડ પરિવારો પૈકી ૧૩.૬૨ લાખ પરિવારો એવા પણ છે કે જેમના પરિવારમાં વિવાદીત દંપતિ નથી. ટકાવારીની દૃષ્ટિએ તેમની સંખ્યા ૬ ટકા જેટલી છે. આ એ પરિવાર છે કે જેમાં પરિવારના વડીલ તરીકે વિધુર છે કે વિધવા છે, પરંતુ પતિ-પત્ની બંન્ને નથી. દાંપત્યજીવન ખંડીત છે. જો કે તેમની સાથે તેમના અપરણિત સંતાનો રહે છે ખરા એટલે આ પરિવારો લગભગ એકલ પરિવારની શ્રેણીમાં આવતા નથી પરંતુ જો વિવાહીત કે પરણિત દંપતિની વાત કરીએ તો, આ પરિવારોમાં પરણિત સંતાનો કે જે એમના જીવનસાથી સાથે રહેતા હોય એવી સ્થિતિ નથી.

ગાંધીનગરનો આ દૃષ્ટિએ વિચાર કરીએ તો ગાંધીનગરમાં આવા ૩૧,૨૧૯ પરિવારો વસે છે. જેમાં ગ્રામીણ ગાંધીનગરમાં ૧૮,૬૮૦ પરિવારો અને શહેરી ગાંધીનગરમાં ૧૨,૫૩૯ પરિવારો થાય છે. આ આંકડાઓને આપણે વધુ વિવરણ સાથે સમજવા જેવા છે. અલબત્ત આ આંકડા સેન્સસ દ્વારા તો દરેક પરિવારમાં વૈવાહિક જીવન જીવતા સદસ્યો અને ઓરડાઓની સ્થિતિનું જ બયાન કરે છે. પરંતુ આંકડાઓની પેલે પાર જો સામાજિક દૃષ્ટિકોણથી વિચારવામાં આવે તો ગુજરાત અને ગાંધીનગર બન્નેના પરિવારોમાં વિવાહીત સદસ્યોની વિગતો સાથે એ સ્પષ્ટ થાય છે કે ગુજરાતમાં સંતાનોના લગ્નની એક બહુ મોટી સામાજિક સમસ્યા ચર્ચાય છે તે સહેજ પણ ખોટી નથી. આંકડાઓ દ્વારા સ્પષ્ટ થાય છે કે ગાંધીનગર અને ગુજરાતના અનેક પરિવારોમાં અપરણિત સંતાનોની એક સમસ્યા છે. અથવા તો જો સંતાનો પરણિત હોય તો પણ દાંપત્યજીવનમાં મુશ્કેલી છે એથી તેઓ વૈવાહિક દૃષ્ટિએ પરણિત હોવાનો દરજ્જો ધરાવતા હોવા છતાં એક છત નીચે સહિયારુ જીવન પતિ અને પત્ની

● અનુસંધાન પાન-૭ પર

## રાજકીય ઉત્તેજનાઓ વચ્ચે આજે પંચાયતની સામાન્ય સભાની બેઠક મળશે

ગાંધીનગર, તા. ૧૮

રાજકીય ઉત્તેજનાઓ વચ્ચે આજે ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા મળશે.

બપોરે ૩ વાગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ મંગુબેન શ. પટેલના અધ્યક્ષસ્થાને આ બેઠક સરદાર પટેલ હોલમાં મળશે. આમ તો આ બેઠકને રૂટીન બેઠક તરીકે લેખાવવામાં આવી રહી છે પરંતુ તેણે રાજકીય ઉત્તેજનાઓ વધારી દીધી છે.

આ બેઠક માટે છેલ્લી ઘડીએ પ્રશ્નોત્તરીનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત સમિતિઓની પુનઃ રચના પછી રાજીનામા ધરી દેનારા કોંગ્રેસના સભ્યોથી ખાલી પડેલી બેઠકો પર અન્ય સભ્યોની નિયુક્તીનો નિર્ણય આ બેઠકમાં લેવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે.

આ બેઠકમાં જિલ્લામાં આરોગ્ય, શિક્ષણ અને મહિલા બાળ વિકાસ વિભાગની કામગીરીને લઈ તંત્રને ઘેરવાનો પ્રયાસ વિપક્ષ કરે તેવી શક્યતાઓ છે.

આ બેઠકમાં વિવિધ સમિતિઓની મળેલ બેઠકની કાર્યવાહી નોંધોને બહાલી આપવા

● અનુસંધાન પાન-૭ પર

## ૧૦ થી વધુ નવા ચહેરાઓ સાથે શહેર કોંગ્રેસનું નવુ સંગઠ્ઠન માળખુ જાહેર

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેર કોંગ્રેસના નવા સંગઠ્ઠન માળખાની શહેર પ્રમુખ ડૉ. કૌશિક શાહ દ્વારા આજે જાહેરાત કરવામાં આવી છે. ૬૦ દિવસથી પણ વધુ સમય બાદ આ નવા સંગઠ્ઠનની રચના કરવામાં આવી છે.

ગાંધીનગર શહેર સંગઠ્ઠનમાં એકસોથી વધુ આગેવાનોને સ્થાન આપવામાં આવ્યુ છે. નવા સંગઠ્ઠનમાં ૧૦ થી વધુ નવા ચહેરાઓને સ્થાન પણ આપી અને યુવાનોને પુરતી તક આપવામાં આવી હોવાનું શહેર સમિતિના સંગઠ્ઠનના સૂત્રોએ જણાવ્યુ છે. નવા સંગઠ્ઠને ગાંધીનગર લોકસભા બેઠક પણ કોંગ્રેસ દ્વારા પરત મેળવવા માટે અને જનાધારને વધુ મજબુત બનાવવાનો સંકલ્પ લીધો હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

શહેર સંગઠ્ઠનમાં પ્રથમવાર ગ્રાહકો માટે એક અલાયદો સેલ, વેપારીઓ માટે અલાયદો સેલ તેમજ શહેરમાં વધતા જતા પેન્શનરોના પ્રશ્નો અંગે પણ અલાયદો સેલ બનાવવામાં આવ્યો છે.

નવા સંગઠ્ઠનની રચનાની સાથે મનપાની ચૂંટાયેલી પાંખ તેમજ

● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર સંસદીય વિસ્તારમાંથી ધર્મ સાંસદ તરીકે કનૈયાલાલ પંડ્યાની નિયુકિત

**વારાણસીમાં આગામી સપ્તાહમાં ધર્મ સંસદ -૨૦૧૮માં ગુજરાતના ૨૬ સાંસદો પ્રશ્નો રજુ કરશે : ગાંધીનગર સંસદીય વિસ્તારના પ્રશ્નો રજુ કરવા માટે આમ નાગરિકોને સુચન**

ગાંધીનગર તા ૧૮

વારાણસી ખાતે આગામી તા ૨૫ થી ૨૭ નવેમ્બર દરમિયાન ધર્મ સંસદ ૨૦૧૮નુ આયોજન કરવામાં આવ્યુ છે. ગુજરાતના ૨૬ ધર્મ સાંસદોને ગત સપ્તાહ દરમિયાન જ દંડી સ્વામી શ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજના હસ્તે નિયુક્તિ પત્રો એનાયત કરવામાં આવ્યા છે. જયારે આગામી ધર્મ સંસદમાં આ ધર્મ સાંસદો પણ ગુજરાતમાં સનાતન ધર્મને લગતા પ્રશ્નો રજુ કરશે. જેમાં ગાંધીનગર સંસદીય વિસ્તારમાં ધર્મ સંસદ તરીકે બ્રહ્મસમાજના અગ્રણી અને જાણીતા કથાકાર કનૈયાલાલ પંડયાની નિમણુંક કરવામાં આવી છે.ધર્મ સાંસદમાં રજુ કરવાના પ્રશ્નો અંગે નાગરિકોએ પોતાના સુચના કે પ્રશ્નો તેમને રજુ કરવા પણ જણાંવાયુ છે.

વારાણસી ખાતે આગામી તા ૨૫ થી ૨૭ નવેમ્બર દરમિયાન ધર્મ સંસદ -૨૦૧૮ નુ



આયોજન કરવામાં આવ્યુ છે. ગુજરાતના સંસદીય

● અનુસંધાન પાન-૭ પર

## 'જોવા જેવી દુનિયા' ઉત્સવ નવા વર્ષે દેશને દિશાદર્શન આપશે

**મહોત્સવની વ્યવસ્થા, શિસ્તબદ્ધતા અને સેવાર્થીઓની સમર્પિતતાની પણ વિજયભાઈ રૂપાણીએ કરી પ્રશંસા**







ગાંધીનગર, તા.૧૮

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આજે ૧૮ નવેમ્બરના રોજ શનિવારે સવારે ૧૦ વાગ્યે 'જોવા જેવી દુનિયા'ની મુલાકાત લીધી હતી. આ ઉત્સવના ભાગરૂપે બનેલા "થીમ પાર્ક"ના બે આકર્ષક અને જ્ઞાનસભર શો મુખ્યમંત્રીશ્રીએ નિહાળ્યા હતા. તેમાંથી એક ૨૦ મિનિટનો શો "કર્તા કોણ?" જેમાં ૪ડી એક્સપીરિયન્સના માધ્યમથી "આ જગતમાં કોઈ સ્વતંત્ર કર્તા નથી" ની યથાર્થ સમજણ દ્વારા ઉદ્વેગના પ્રસંગોમાં મનની શાંતિ પ્રાપ્ત થાય છે. અને બીજો ૧૫ મિનિટનો "ટુર ટુ મહાવિદેહ" શો, જેમાં ૩ડી પ્રોજેક્શન મેપિંગના માધ્યમ દ્વારા ધર્મના મતમતાંતર ટાળી આત્મધર્મને ઉજાગર કરવાના હેતુથી વર્તમાન તીર્થંકર ભગવાન શ્રી સીમંધર સ્વામીની સાચી ઓળખ મળે છે. બંને શો માણ્યા પછી મુખ્યમંત્રીશ્રીએ પ્રેઝન્ટેશનના નવીન માધ્યમો વડે લોકોને ગહન સંદેશ પહોંચાડવાના પ્રયાસને વખાણ્યો હતો, તેમજ "જોવા જેવી દુનિયા" મહોત્સવની વ્યવસ્થા, શિસ્તબદ્ધતા અને સેવાર્થીઓની સમર્પિતતાની પણ પ્રશંસા કરી હતી.

ત્યારબાદ મુખ્યમંત્રીશ્રીએ તાળીઓના ગડગડાટ વચ્ચે સત્સંગ હોલમાં પધારી પરમ પૂજ્ય દાદા ભગવાન અને પૂજ્ય નીરુમાની છબીને પુષ્પમાળા અર્પણ કર્યા હતા. તેઓશ્રીએ પ્રત્યક્ષ જ્ઞાની પૂજ્ય દીપકભાઈને પવિત્રા અર્પણ કરી આશીર્વાદ લીધા હતા, અને તેમની સાથે જ સ્ટેજ ઉપર સ્થાન ગ્રહણ કરી પ્રશ્નોત્તરી સત્સંગ સાંભળ્યો હતો. ત્યારબાદ લગભગ ૩૦,૦૦૦થી પણ વધુ જનમેદનીને સંબોધીને મુખ્યમંત્રીશ્રીએ દાદા ભગવાનની ૧૧૧મી જન્મજયંતી નિમિત્તે ઈશ્વરપ્રાપ્તિ એટલે કે જન્મ-મરણના ફેરામાંથી આત્માની મુક્તિ માટે, ધર્મ અને સાયન્સ થકી સત્ય તરફ જવા પ્રેરણા આપતા અક્રમ વિજ્ઞાન માટે, તથા પૂજ્યશ્રી દ્વારા આ પ્રવૃતિને મળતા વેગ માટે અહોભાવ વ્યક્ત કર્યો હતો.

ગુજરાતની ધરતી ઉપર ઉજવાતા આવા પવિત્ર ઉત્સવ થકી

● અનુસંધાન પાન-૭ પર

## દિવાળી વેકેશનના અંતે આજથી શાળાઓમાં શૈક્ષણિક કાર્યનો પ્રારંભ

**દિવાળીમાં બે સપ્તાહના વેકેશનની મજા માંણી હવે વિદ્યાર્થીઓ અભ્યાસમાં વ્યસ્ત થશે**

ગાંધીનગર તા ૧૮

દિવાળી વેકેશનના અંતે આજથી શાળાઓમાં શૈક્ષણિક કાર્યનો પ્રારંભ થશે. જયારે બે સપ્તાહના ટુંકા વેકેશનના અંતે શાળાઓમાં વિદ્યાર્થીઓની કોલાહલ ગુંજતી થશે. દિવાળી વેકેશનની મજા માંણ્યા બાદ સોમવારથી વિદ્યાર્થીઓ ફરી અભ્યાસમાં લાગી જશે. જો કે બોર્ડના વિદ્યાર્થીઓએ દિવાળી વેકેશનની રજાઓનો સદઉપયોગ કરી પરીક્ષાનો ધ્યાનો લઈ અભ્યાસમાં વ્યસ્ત રહી બોર્ડ પરીક્ષાની તૈયારીઓ શરૂ કરી દીધી હતી.

દિવાળી વેકેશનના અંતે આજથી શાળાઓમાં વિદ્યાર્થીઓની કોલાહલ ગુંજશે. નવરાત વેકેશનના લીધે દિવાળી વેકેશનની રજાઓમાં કાપ મુકવામાં આવ્યો હતો.જયારે બે સપ્તાહના વેકેશન બાદ સોમવારથી શાળાઓમાં શૈક્ષણિક કાર્ય રાબેતા મુજબ ચાલુ થશે. બીજા શૈક્ષણિક સત્રના પ્રારંભે વિદ્યાર્થીઓ પણ દિવાળી હોમવર્ક કરી શાળાએ જવા માટે સજ્જ થયા છે. જો કે નવરાતના લીધે દિવાળી વેકેશન ટુંકુ મળતા વિદ્યાર્થીઓ તેમજ તેમના પરિવારજનોને લાંબા પ્રવાસમાં જવાની મજા મળી ન હોવાની નારાજગી પણ જોવા મળી રહી છે. દિવાળી વેકેશનમાં તહેવારોની મજા માંણી રજાઓના અંતે વિદ્યાર્થીઓ પણ અભ્યાસમાં લાગી જશે.

જયારે શિક્ષકો માટે પણ દ્વિતીય પરીક્ષાને અનુલક્ષી કોર્ષ પુરો કરવા સહીતની જવાબદારી હોવાથી શાળાઓમાં શૈક્ષણિક પ્રવૃતિ તરફ વિશેષ ધ્યાને કેન્દ્રીત કરવાની ફરજ પડશે. બોર્ડના પરીક્ષાર્થીઓ સિવાય વિદ્યાર્થીઓએ દિવાળી વેકેશન એન્જોય કર્યુ હતુ. જયારે ધો -૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ દિવાળી વેકેશનની રજાનો ઉપયોગ કરી પરીક્ષાલક્ષી તૈયારીઓ શરૂ કરી દીધી હતી. આગામી માર્ચ મહીનાથી બોર્ડની પરીક્ષાના પ્રારંભ થવાનો હોવાથી વિદ્યાર્થીઓએ આ

● અનુસંધાન પાન-૭ પર

## આજે વર્લ્ડ ટોઈલેટ ડે નિમિત્તે કોબામાં સ્વચ્છાગ્રહીઓનું સન્માન કરાશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લાના ચાર ગામોમાં વર્લ્ડ ટોઈલેટ ડે ની ઉજવણી કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના કોબા ગામે એક સાયકલ રેલીનું આયોજન કરવામાં આવેલ છે. ઉપરાંત સેગ્રીગેશન શેડનું જિલ્લા વિકાસ અધિકારીશ્રી કોયાના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે તેમજ એક સાદા છતાં દબદબાભર્યા સમારોહમાં ગામના સ્વચ્છાગ્રહીઓનું વિશેષ સન્માન ગ્રામ વિકાસ એજન્સી દ્વારા કરવામાં આવશે.

કલોલ તાલુકાના પ્રતાપપુરા(આ) ગામે પણ આ દિવસની ઉજવણી કરાશે તેમજ માણસા તાલુકાના લોદરા ગામે જાહેર શૌચાલયો બનાવવાની કામગીરીનું ખાત મુહૂર્ત કરવામાં આવશે.

આજે ભારત સરકારની ટીમ પણ ઉજવણીના પરિપ્રેક્ષમાં ગુજરાત આવી રહી છે જો કે આ ટીમ જિલ્લાની મુલાકાતે આવશે કે કેમ ? તે અંગે રાજયકક્ષાએથી કોઈ સ્પષ્ટતા કરાઈ નથી.

જિલ્લામાં પહેલીવાર સ્વચ્છાગ્રહીઓનું સન્માન કરવામાં આવી રહ્યું છે. 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા' વિષયને આગામી દિવસોમાં વધુ પ્રાધાન્ય આપવામાં આવશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. જિલ્લામાં ૩૩ ગામોમાં સેગ્રીગેશન શેડ તૈયાર કરવાની કામગીરી હાલ પૂરજોશમાં ચાલી રહી હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

ગ્રામીણ સ્વચ્છતા સર્વેક્ષણમાં જિલ્લો ૧૬મા ક્રમે રાષ્ટ્રીય સ્તરે આવ્યો હતો જે નોંધનીય છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

સર્જન એજ્યુકેશન વેલ્ફેર ટ્રસ્ટ
પ્લોટ નં. ૧૨૪/૧, સેક્ટર-૧/બી, ગાંધીનગર
ગાંધીનગરના સૌ નગરજનોને
નૂતન વર્ષાભિનંદન...
પુરુષોત્તમ સુશીલ – પ્રમુખ
સમીર સુશીલ – ઉપપ્રમુખ
સવિતાબેન સુશીલ – મહામંત્રી
ઉત્પલ સુશીલ – સહમંત્રી
કુન્તલ સુશીલ – આંતરિક ઓડીટર
સંગીતા સુશીલ – કોષાધ્યક્ષ
કુશ સમીર સુશીલ – કારોબારી સભ્ય

વેચવાની છે
અરજન્ટ, સ્કોડા સુપર્બ, ઓટોમેટિક - ૨૦૦૬, ડીઝલ, વ્હાઈટ, કિંમત ૧.૯૫ લાખ
મો. : ૯૯૦૯૯ ૧૦૭૧૮

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com